દ્વારકાના નાગેશ્વર ખાતે પહેલીએ રાજ્ય કક્ષાનો વન મહોત્સવ

નાગેશ વન નામના સાંસ્કૃતિક વનનું લોકાર્પણ કરાશે : નાગેશ વનનો વિકાસ નળસરોવર મોડેલ અપનાવી કરાશે : જિલ્લા તાલુકા કક્ષા ઉપરાંત ચાર હજાર ગામોમાં પણ વન મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૨૮

આ વર્ષે રાજ્યનો ૬૪માં વન મહોત્સવનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ જામનગર જિલ્લાના દ્વારકા તાલુકાના નાગેશ્વર ખાતે યોજવામાં આવનાર છે. જ્યાં નાગેશ વન નામના સાંસ્કૃતિક વનનું લોકાર્પણ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવશે.

વન અને પર્યાવરણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વર્ષે યોજવામાં આવનારા ૬૪મા વન મહોત્સવની ઉજવણી અંગે વન અને પર્યાવરણ વિભાગ દ્વારા સરકાર સમક્ષ એક પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું. આ પ્રેઝન્ટેશનમાં વન મહોત્સાવની રાજ્યકક્ષાની ઉજવણીનો કાર્યક્રમ આગામી તા. ૧-૮-૨૦૧૩ના રોજ જામનગર જિલ્લાના દ્વારકા તાલુકાના નાગેશ્વર ખાતે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજવામાં આવનાર હોવાનું જણાવાયું છે.

પ્રેઝન્ટેશન રજુ કરતાં વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવે આ બેઠકમાં એવું જણાવ્યું હતું કે નાગેશ્વર ખાતે બનાવવામાં આવનાર નાગેશ વન અંતર્ગત નક્ષત્ર વન, રાશીવન, દ્વારકા વન, પરિજાત વન, કૈલાશ ટેકરી, મરીન બાવો, ડાયર્વસીટી સેન્ટર વિગેરેનું નિર્માણ સ્થળ પર ખૂબ મોટા પાયા પર ચાલી રહ્યું છે.

નાગેશ વનના વિકાસ માટે નળ સરોવર મોડેલને અપનાવી શકાય કે જ્યાં વન વિભાગ સ્થાનિક પ્રજા અને ઉદ્યોગોના સહયોગથી એક ઉત્કૃષ્ટ પ્રવાસન સ્થળ વિકસી શક્યું છે એવું સૂચન આ બેઠકમાં ઉપસ્થિત ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવે કર્યું હતું.

વન વિભાગના અધિક મુખ્ય સચિવે વન મહોત્સવ અંગેની વધુ વિગતો પ્રેઝન્ટેશનમાં રજુ કરતાં જણાવ્યું હતું કે રાજ્યકક્ષાના વન મહોત્સવની સાથે સાથે સમગ્ર રાજ્યમાં વન મહોત્સવ મારફતે વૃક્ષો પ્રત્યે સામાન્ય જનતા રસ લેતી થાય તે માટે તમામ જિલ્લા તાલુકા કક્ષાએ અને પસંદ કરેલા રાજ્યના ચાર હજાર ગામોમાં ઉજી ઓગષ્ટ-૨૦૧૩ના રોજ વન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લામાં સંબંધિત પ્રભારી સચિવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પોતાનું માર્ગદર્શન આપે તેમજ જિલ્લાકક્ષાનું વહીવટીતંત્ર આમ જનતાની સાથે જોડાઈને આ વન મહોત્સવની શાનદાર ઉજવણી કરે તેવી વિનંતી વન વિભાગના વડાએ કરી હતી.

આ ઉપરાંત તમામ જિલ્લા કલેક્ટરો અને નાયબ વન સંરક્ષકો સાથે પરામર્શ કરીને જિલ્લામાં આ કાર્યક્રમ માટેની સાઈટ નક્કી કરવા અને શક્ય હોય તો પી.પી.પી. મોડથી આ કાર્યક્રમ યોજવા માટેની વ્યવસ્થા કરવા પણ પ્રભારી સચિવોને જણાવવામાં આવ્યું છે.

નાગેશ્વર ખાતે નિર્માણ પામનાર નાગેશ વન રાજ્યનું પાંચમું વન

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યમાં વન વિભાગ દ્વારા નિર્માણ કરવામાં આવતા વનોને લોકપ્રિય નામો આપવામાં આવે છે. આગામી ૧લી ઓગષ્ટના રોજ દ્વારકાના નાગેશ્વર ખાતે ઉજવવામાં આવનારા ૬૪માં વન મહોત્સવ દરમ્યાન નાગેશ્વરમાં રાજ્યનું પાંચમું નાગેશ વન નિર્માણ પામનાર છે.

વન મહોત્સવ દરમ્યાન ઉભા કરવામાં આવતા વનોને પ્રજામાં લોકપ્રિય હોય તેવા નામો આપવાનો અભિગમ રાજ્ય સરકારે અપનાવ્યો છે. જે અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધીમાં ચાર વન મહોત્સવ દરમ્યાન નિર્માણ કરવામાં આવેલ વનોને પ્રજામાં લોકપ્રિય હોય તેવા નામો આપવામાં આવ્યા છે.

જેમાં ગાંધીનગરમાં પુનિત વન, અંબાજીમાં માંગલ્ય વન, ચોટીલામાં ભક્તિ વન, દાહોદમાં ગોવિંદ ગુરુ વન અને હવે ૬૪મા વન મહોત્સવ આગામી ૧લી ઓગષ્ટના રોજ દ્વારકાના નાગેશ્વર ખાતે યોજવામાં આવનાર છે ત્યારે નાગેશ્વર ખાતે નિર્માણ કરવામાં આવનારા વનને નાગેશ વન નામ આપીને તેનું લોકાર્પણ કરવામાં આવનાર છે.

દશામાંના વ્રતની શરૂઆત આડે થોડાક દિવસો બાકી રહ્યા છે ત્યારે મૂર્તિઓને આખરી ઓપ આપવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

ગુજરાતને આધાર સ્થિત ડેટા હબ બનાવવા નવી હિલચાલ

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આધાર કાર્ડ જારી કરવાની પ્રક્રિયાને વધુ ઝડપી બનાવવા સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ સુચના આપી દીધી છે. મળેલી માહિતી મુજબ ગુજરાતને હવે આધાર આધારીત ડેટા હબ બનાવવા માટેની પણ તૈયારી મોદીએ હાથ ધરી છે.

મિશન મોડ ઉપર આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી ચુકી છે. તાજેતરમાં જ યોજાયેલી સમીક્ષા મિટીંગમાં એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે, આધારકાર્ડ ધારકોની વિગતોની સાથે રાજ્યને ડેટા હબ તરીકે વિકસાવવામાં આવશે. આધાર કાર્ડના ધારકોને જુદી-જુદી બહુ હેતુવાળી સરકારી કલ્યાણ યોજનાઓથી ફાયદો થશે. આધાર સ્થિત ડેટા હબ માટેની પ્રક્રિયા હાલમાં જ શરૂ કરવામાં આવ્યાબાદ અધિકારીઓ પણ વ્યસ્ત બની ગયા છે. અગાઉ મુખ્યમંત્રીએ આધારકાર્ડ ધારકોને મહત્તમ લાભ મળે તેની ખાતરી કરવાના હેતુસર એક રિપોર્ટ તૈયાર કરવા કેબિનેટ સબ કમિટીને સુચના આપી હતી.

સાથે-સાથે કેન્દ્ર સરકારની માર્ગદર્શીકાઓને યોગ્ય રીતે અમલી બનાવવાની પણ સુચના આપવામાં આવી છે. સબ કમિટીના સુચનો બાદ મોદીએ આધાર નોંધણીની પ્રક્રિયાને ઝડપી બનાવવાની સુચના આપી છે. આ પ્રક્રિયાને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાની પણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. નરેન્દ્ર મોદીએ આધાર કાર્ડના મહત્વ અંગે વાત કરતા કહ્યું છે કે, ગરીબ કલ્યાણ મેળાના સાચા લાભ મેળવવા માટે પણ આધાર કાર્ડ મહત્વપૂર્ણ રહેશે. લોકોને આધાર કાર્ડ મળે તે માટે નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવા અને એમએમએસનો ઉપયોગ કરવાની પણ સલાહ આપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારે આધાર કાર્ડના સંબંધમાં હાલમાં જ માર્ગદર્શીકા જારી કરી હતી જેના ભાગરૂપે જણાવાયું હતું કે, સબ્સિડીવાળા રાંધણગેસની નોંધણી વેળા આધાર કાર્ડ ધરાવનારને જ તેમના બેંક ખાતામાં સબ્સિડીની સીધી રકમ જમા કરાવવામાં આવશે.

ધારીમાં બળાત્કાર બાદ યુવતીની હત્યાનો મામલો

સ્મશાન યાત્રા દરમિયાન હિંસા ભડકી : બે બાઈક સળગાવાઈ

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લાના ખાંભાના નાની ધારીમાં યુવતી ઉપર બળાત્કાર ગુજાર્યા બાદ તેની કરવામાં આવેલી હત્યાના મામલામાં સ્થિતિ આજે વણસી ગઈ હતી. ગામમાં બનેલા આ બનાવના કારણે લોકોમાં વ્યાપક રોષની લાગણી ફેલાઈ ગઈ હતી. મૃત્યુ પામેલી યુવતીની સ્મશાન યાત્રા દરમિયાન હિંસા ભડકી ઉઠી હતી. આ હિંસામાં એકનું મોત થયું છે. લોકોએ પથ્થર મારો કર્યો હતો. બે બાઈકો પણ સડગાવી દેવામાં આવી હતી. આ બનાવમાં ચાર લોકોને ઈજા થઈ હતી. જેમાં એક પોલીસ અધિકારીનો પણ સમાવેશ થાય છે. સ્થિતિ છેલ્લા સમાચાર મળ્યા ત્યારે પણ વિકટ બનેલી હતી. સમગ્ર વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસ કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે.

ગઈકાલના બનાવ વેળા હત્યા કરી દેવાયેલી યુવતીના આજરોજ તેની સ્મશાન યાત્રા દરમિયાન બે જૂથો વચ્ચે અથડામણ થતાં બે બાઈકોને સળગાવી દેવાઈ હતી. જ્યારે પથ્થરમારામાં ચાર લોકો સહિત ખાંભાના પીએસઆઈને પણ ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું હતું.અમરેલી જિલ્લાના ખાંભાના નાની ધારીમાં મોડી રાત્રે ૨૧ વર્ષીય યુવતી અને તેનો ભાઈ સુતા હતા. તેના પિતા કોઈ કારણોસર બહારગામ ગયા હતા. પિતાની ઘેરહાજરીનો લાભ લઈને બે શખ્સો તેમના ઘરમાં ઘૂસી આવ્યા હતા. જ્યાં એક ઈસમે યુવતીના ભાઈને ચપ્પૂ બતાવીની બીજા રૂમમાં લઈ ગયો હતો અને અન્ય યુવકે યુવતી પર બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ યુવતીની હત્યા કરી દીધી હતી. આ સમગ્ર ઘટના બાદ ખાંભા પોલીસ એક મુખ્ય આરોપીને ઝડપવામાં સફળ રહી હતી. જ્યારે અન્ય આરોપી ફરાર હતો. ખાંભાના નાની ધારી ગામમાં બનેલ આ બનાવને લઈને લોકોમાં રોષની લાગણી જન્મી હતી. ત્યારબાદ આજરોજ દુઃખદ બનાવને લઈને ખાંભા બંધનું એલાન કરવામાં આવ્યું હતું. આજરોજ યુવતીની સ્મશાન યાત્રામાં બ્રહ્મસમાજના આગેવાનો મોટી માત્રામાં જોડાયા હતા. જ્યાં એકાએક સ્મશાન યાત્રા દરમિયાન બે જૂથો વચ્ચે પથ્થરમારો શરૂ થયો. ઉશ્કેરાયેલા ટોળાએ એકાએક પથ્થરમારાની સાથે બે બાઈકોને પણ સળગાવી દીધી હતી. આ ઘટનામાં ચાર લોકોને ઈજા થઈ હતી. તેમજ આ અથડામણને કાબૂમાં લેવા ગયેલ પોલીસ કાફલા પર પણ પથ્થરમારો કરાયો હતો. જ્યાં એક પીએસઆઈને પણ ઈજા પહોંચી હતી. જાણવા મળ્યું છે કે, એક વ્યક્તિને તીક્ષ્ણ હથિયાર વડે પણ ઈજા પહોંચાડવામાં આવી છે. સ્મશાનયાત્રા દરમિયાન બેકાબૂ બનેલા ટોળાને કાબૂમાં લેવા માટે પોલીસ કાફલાને ભારે જહેમતનો સામનો કરવો પડ્યો હતો. ઈજા પામેલ વ્યક્તિને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સ્મશાન યાત્રામાં બે જૂથો વચ્ચે ભારે અથડામણ થતાં સમગ્ર વિસ્તારમાં તંગદિલીનું વાતાવરણ ઊભું થયું હતું. આ સ્મશાન યાત્રામાં સૌરાષ્ટ્રના જુદા-જુદા ગામોમાંથી લોકો ઉમટી આવ્યા હતા. જ્યારે લોકોની સંખ્યાને કાબૂમાં લેવા પૂરતો પણ પોલીસ કાફલો હાજર ન હોવાથી આ હોબાળો મચી જવા પામ્યો હતો.

વિશ્વામીત્રીમાં પુર : વડોદરામાં ૪૦૦ લોકોનું સ્થળાંતર કરાયું

અમદાવાદ, તા. ૨૮

રાજ્યના ૨૪ જિલ્લાના ૧૨૧ તાલુકામાં આજે વરસાદ નોંધાયો હતો. ધનસુરામાં ૭૫ મીમી, ઉમરપાડામાં ૫૪ મીમી, રાપરમાં ૫૯ મીમી, વડાલીમાં ૪૫ મીમી, વ્યારામાં ૩૪ મીમી, બારડોલીમાં ૪૦ મીમી, સોનગઢમાં ૩૦ મીમી અને ઉચ્છલમાં ૨૯ મીમી વરસાદ નોંધાયો હતો. વરસાદને કારણે પાનમ, કડાણા સહીત ઘણાં ડેમમાં પાણીની સપાટી વધી હતી. સરદાર સરોવર ડેમ ઓવરફ્લો થયો હતો. વિશ્વામીત્રી નદીમાં પાણીની સપાટી ખૂબ વધતાં વડોદરામાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘુસતાં ૪૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. ઉપર વાસમાં ભારે વરસાદ પડતાં વિશ્વામીત્રી નદીમાં પાણીની સપાટી ખૂબ વધી ગઈ હતી અને સાંજે તે ૨૨ ફુટ હતી. જે ભયજનકસપાટી ૨૬ ફુટની નજીક પહોંચી ગઈ હતી. આથી નદીમાં પૂરની પરિસ્થિતિ સર્જાતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘુસી ગયા હતા.

ફતેહગંજ, કલ્યાણનગર, સયાજીપુરામાં નીચાણવાળા વિસ્તારોમાં ખાસ કરીને ઝુંપડપટ્ટીમાં પાણી ઘુસતાં ૪૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. આ લોકોને ચાર સરકારી શાળામાં આશરો આપવામાં આવ્યો છે. નદીમાં પુર આવતાં નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા હતા. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી ૧૨ કલાક દરમ્યાન સમગ્ર રાજ્ય, દમણ, દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી છે કે રાજ્યના તમામ જીલ્લા, દીવ, દમણ, દાદરા-નગર-હવેલીમાં વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં સારો વરસાદ પડવાના પરિણામ સ્વરૂપે સ્થિતિમાં સુધારો થયો છે. ખેડુતોના ચહેરા પર વ્યાપક ખુશી જોવા મળી રહી છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વાવણીની પ્રક્રિયા પૂરી કરી લેવામાં આવી છે. આ વખતે ભારે વરસાદના પરિણામ સ્વરૂપે કૃષિ ઉત્પાદનમાં વધારો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

સ્કૂલ ફોર એકસલન્સમાં ગુરુપૂર્ણિમા ઉજવાઈ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લાના પેથાપુર રાંધેજા રોડ પર આવેલી સ્કૂલ ફોર એકસલન્સમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુપૂજનનો કાર્યક્રમ યોજાઈ ગયો.

સ્કૂલ ફોર એકસલન્સમાં આચાર્યા મમતાબેન વાઘેલાના માર્ગદર્શન હેઠળ ગુરુપૂર્ણિમાનો કાર્યક્રમ શાળા કેમ્પસમાં યોજાઈ ગયો. શાળાના ધો-૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા ગુરુજનોને કુમકુમ તિલક કરવામાં આવ્યું હતું અને ફુલ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આચાર્યા મમતા વાઘેલાએ વિદ્યાર્થીઓને ગુરુ શિષ્ય પરંપરા અને ગુરુનું જીવનમાં મહત્વ વિશે વકતવ્ય આપ્યું હતું. આ પ્રસંગે બિનલ પટેલ, પ્રિતેશ પટેલે પણ ગુરુનું મહત્વ સંદર્ભે વકતવ્ય આપ્યું હતું. ઈન્દ્રરાજ પુવારે ગુરુ મહિમાનું સુંદર ગીત ગાઈ ગુરુમય વાતાવરણ બનાવી દીધું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા રાજુભાઈ પટેલે અને સહકર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી.

પ્રગતિ માટે સંગઠન ...

● છેલ્લા પાનાનું ચાલુ

જણાવ્યું હતું કે આવતીકાલના પડકારને પોંખવા ક્ષમતા પ્રગટાવવાનો આ અવસર છે. તેજસ્વી આવતીકાલનું સર્જન બ્રહ્મ સમાજ દાખલારૂપ ભૂમિકા દ્વારા કરે એ સમયની માંગ છે. સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગ અંગે વિગતો આપતા પ્રોજેક્ટ ચેરમેન નિવૃત્ત અધિક કલેક્ટર શ્રી આર.એમ. ઉપાધ્યાયે જણાવ્યું હતું કે ૨૦૦ બ્રાહ્મણ યુવક-યુવતિઓ આ તાલીમ વર્ગમાં જોડાય છે. જેમને ૪૦ જેટલા વિવિધ તજજ્ઞો દ્વારા નિઃશુલ્ક શિક્ષણ અપાશે. કમિટિના ચેરમેન શ્રી આશિષ દવે, કોર્પોરેટર શ્રી અશ્વિનભાઈ વ્યાસ, શહેર વસાહત મહામંડળના શ્રી અરૂણભાઈ બુચ, માણસાના અગ્રણી શ્રી દિનેશભાઈ વ્યાસ, જાણીતા ખેડૂત અગ્રણી શ્રી મનુભાઈ પટેલ, બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખશ્રીઓ, પદાધિકારીઓ, સભ્યો અને તાલીમાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આભાર દર્શન સંસ્થાના મંત્રીશ્રી નરેશભાઈ દવેએ કર્યુ હતુ. જ્યારે સમગ્ર કાર્યક્રમનું ખુબ જ રસપ્રદ સંચાલન શ્રી કનૈયાલાલ પંડ્યાએ કર્યું હતું.

શબ્દાવલી - ૫૧૩૩



આડી ચાવી

૧. તંદુરસ્તી માટે ખોરાકમાં... પ્રોટીન વગેરે સત્વો હોવા જોઈએ (૪)
૪. તડ (૩)
૭. એક નાનકડું ફળ (૩)
૮. ક્ષમા, ... કરવું (૨)
૯. ધાન્ય, અનાજ (૨)
૧૧. ઈન્ડિયા (૩)
૧૩. ગાંધીજી... થી કાંતતા હતા (૩)
૧૬. સમગ્ર, સર્વ (૩)
૧૭. યુદ્ધ, તોફાન (૩)
૧૮. સહમત (૩)
૧૯. હું કર તું કર કર્યા કરવું (૪)
૨૦. વાવવા માટેનાં નાના છોડ (૨)
૨૨. ચોખ્ખા (૨)
૨૩. દેવી ઉમા-પાર્વતી (૨)
૨૪. પાણી, વોટર (૨)

ઊભી ચાવી

૧. માત્ર દેખીતો વિરોધ (૫)
૨. કૃષ્ણભક્ત મેવાડની મહારાણી (૨)
૩. ચક્ષુ (૩)
૫. આજકાલ...ઓની ભારે ડિમાન્ડ છે (૨)
૬. ડફ,એક વાદ્ય (૩)
૧૦. નર્ક, જહન્નમ (૩)
૧૨. તળીયું, જમીન (૨)
૧૩. પરાકાષ્ઠા (૫)
૧૪. ખેલ, ગેમ (૩)
૧૫. બોક્સ (૨)
૧૮. ચંદનનો સાબુ (૩)
૧૯. સહાયતા, આશ્રય (૨)
૨૦. કાયમ, નિત્ય (૨)
૨૧. પાણી આવે તે પહેલાં... બાંધવી જોઈએ (૨)

શબ્દાવલી ૫૧૩૨ના જવાબ

આડી ચાવી :- (૧) તરૂવર (૩) પ્રહરી (૭) લત (૮) રઘવાટ (૧૧) રકુંભા (૧૨) મસકો (૧૩) જાસા (૧૪) રમકડાં (૧૮) પાણકો (૨૦) હેમાળો (૨૧) યજમાન (૨૩) ઝગડો (૨૪) શક

ઊભી ચાવી :- (૧) તસ્કર (૨) વનવાસ (૪) હલકું (૫) રીતભાત (૯) ઘમસાણ (૧૦) ટકોર (૧૩) જાપાનીશ (૧૮) મહેમાન (૧૬) કમાન (૧૭) ડાળો (૧૯) કોયડો (૨૨) ચોક

મુખવાસ

● દીકરી વ્રત !

ગાંધીનગર જિલ્લાના એક નાનકડા ગામ ડભોડાના નાનકડા સાયકલવાળા વાસમાં રહેતા શ્રી લાલાજી મંગાજી સોલંકી નાના એક સામાન્ય નાગરિકે ગયા પખવાડીયામાં ઉપવાસ કર્યા... મોળું ખાઈને ઉપવાસ કર્યા...! ઉપવાસ કરવામાં કંઈ અસામાન્ય નથી, પરન્તુ લાલાજીના ઉપવાસનું કારણ અસામાન્ય હતું. લાલાજીને બે દીકરીઓ છે; અમીષા અને હેમાલી. બન્ને દીકરીઓએ ગૌરીવ્રત રાખ્યું હતું. અમીષા તો સાતમા ધોરણમાં ભણે છે, મોટી છે. પરન્તુ ચોથા ધોરણમાં ભણતી હેમાલી ભૂલથી ઉપસવાસ તોડી બેસે તો ભગવાન નારાજ ન થઈ જાય એવી ભાવનાથી લાલાજીએ પણ પોતાની દીકરીઓ સાથે ઉપવાસ કર્યા...! દીકરીઓ ઉપવાસ કરે, ભૂખી રહે તો બાપથી કેમ ખવાય? આવી ચિંતામાં લાલાજી સોલંકીએ પણ ઉપવાસ કર્યા...! કવિ, કથાકાર કે કલાકાર બાપ હોય તો 'વ્હાલના દરીયા' વિષે કથનો લખે...પણ કંઈ જ કહ્યા વિના આમ દીકરી સાથે, દીકરી માટે ગૌરી વ્રતના ઉપવાસ કરતા બાપ માટે શું કહેવું!

● ભાવની ભેટ

કોઈ સેવા નિવૃત્ત થાય એટલે એમને વિદાયમાન આપવાની, ભેટ-સોગાદ આપવાની આપણે ત્યાં પરંપરા છે. પરન્તુ ગુજરાત સરકારના માહિતી ખાતામાંથી વર્ગ-૪ના પટાવાળાના પદ પરથી વય નિવૃત્ત થઈ રહેલા શ્રી કરસનજીભાઈ ભૂલાજીભાઈ ગોહિલે ભેટ-સોગાદ સ્વિકારવાને બદલે સામેથી ભેટ આપી! અને એ પણ આખા માહિતી ખાતાના વર્ગ-૪ના તમામે તમામ સાથી કર્મચારીઓને!! પ્રકાશન વિભાગમાં પટાવાળા તરીકે ફરજ બજાવી રહેલા શ્રી કે.બી. ગોહિલ નિવૃત્ત થયા ત્યારે તેમણે ખાતાના તમામ વર્ગ-૪ના પટાવાળા, સ્વીપર રોજમદાર કર્મચારીઓને થાળી, વાડકી અને ગ્લાસ સહિતનો સ્ટીલનો ડીનર સેટ પોતાના તરફથી-સામેથી-સ્વેચ્છાએ ભેટ આપ્યો! મોટી મોટી મલ્ટીનેશનલ કંપનીઓના મોટા મોટા અધિકારીઓ-પદાધિકારીઓના વિદાય સમારોહ યોજાયા હશે અને મોટી-મોટી ભેટ-સોગાદો અપાઈ હશે, પરન્તુ વિદાય લઈ રહેલી વ્યકિતએ સામેથી ભેટ આપી હોય એવું આ પહેલાં કયારેય નથી સાંભળ્યું...!!! મોટા હોવા માટે મોટા પદની આવશ્યકતા નથી હોતી...

● શ્રધ્ધા સામે શું ટકે?

'શ્રધ્ધાનો હો વિષય તો, બીજી કોઈ જ બાબત મહત્વની નથી...' ઉત્તરાખંડ હોનારતમાં સેંકડો લોકો ગુમાવ્યા, ૬૦૦૦થી વધુ લોકો આજે પણ 'ગૂમ' છે. છતાં કાશ્મિર ખીણ વિસ્તારમાં આવેલા અમરનાથમાં યાત્રાળુઓનું કિડિયારું ઉભરાયું... દરિયાની સપાટીથી ૩,૮૮૮ મીટરની ઉંચાઈએ આવેલા ભગવાન શિવજીના બરફના શિવલીંગના દર્શન કરવા માટે ૧૯૯૦ સુધી સિઝનમાં ૫૦,૦૦૦ જેટલા યાત્રાળુઓ આવતા હતા. ગયા વર્ષે ૬ લાખ, ૫૫ હજાર યાત્રાળુઓ ઉમટી પડયા હતા. હવે તો પહેલગામથી અમરનાથ ગુફા સુધી હેલિકોપ્ટરમાં માત્ર બે કલાકમાં જઈને પાછા આવવા માટે માત્ર રૂ. ૪,૮૦૦ ચુકવવા પડે છે. આ બધી ગતિવિધિઓને કારણે અમરનાથમાં પર્યાવરણીય નૂકશાન પણ ઘણું થયું છે. જેમ વર્ષ ૨૦૦૬માં બરફનું શિવલીંગ સંપૂર્ણપણે ઓગળી ગયું હતું તેમ મોટી સંખ્યામાં માનવીય અવરજવરને કારણે બરફના શિવલીંગ અને પર્યાવરણને પણ ખાસ્સું નૂકશાન થાય છે, પરન્તુ માનવીય શ્રધ્ધા સામે બીજું શું ટકે?

● 'વિશ્વાસ' વિના વાહન!

ગાંધીનગરની રાજ્ય સરકારની સિવિલ હોસ્પિટલમાં વાહન પાર્કીંગ માટે રાજ્ય સરકારના માર્ગ-મકાન વિભાગે વર્ષો પછી પાર્કીંગ સ્પેસ બનાવી છે, પરન્તુ સિવિલ હોસ્પિટલના પાર્કીંગમાં વાહન પાર્ક કરવું હોય તો એરપોર્ટની જેમ ચાર્જ ચૂકવવો પડે છે! સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં દાખલ થાઓ એટલે અજાણ્યો વ્યકિત સિસોટી મારી-મારીને તમને પાર્કીંગ સ્ટેન્ડ તરફ દોરી જાય. ત્યાં વાહન પાર્ક કરો એટલે 'વિશ્વાસ ગ્રુપ ઓફ કંપનીઝ' ની પાર્કીંગ સ્ટેન્ડની ટિકિટ ફાટી જાય. આ કૂપન ઉપર પ્રિન્ટ કરાયું છે કે, 'કૂપન વગર વાડી (ગાડી) મળશે નહીં... વાહનમાં મુકાયેલ સામાનની જવાબદારી રહેશે નહીં...' ગાંધીનગરની સરકારી સવિલ હોસ્પિટલમાં સરકારી પાર્કીંગ સ્ટેન્ડમાં વાહન પાર્ક કરવાના નાણા ચૂકવવા પડે!!! અને નાણા ચૂકવ્યા પછી પણ 'વિશ્વાસ' નહીં રાખવાનો કે વાહનમાં મુકાયેલા સામાનની જવાબદારી કોઈ સંભાળે! ગાંધીનગરમાં કોના વિશ્વાસે વ્હાણ ચલાવવાના?

● મળતા રહીશું...

વ્હાલા વાચક મિત્રો, આજથી ફરીથી આપણે 'મુખવાસ'ના માધ્યમથી મળતા રહીશું... અને મમળાવવા જેવી વાતો મમળાવતા રહીશું...આપને પણ આપની કોઈ વાત કે વિચાર અન્ય વાચકો સાથે વહેંચવા જેવી લાગે તો 'ગાંધીનગર સમાચાર' કાર્યાલય પર 'મુખવાસ' માટે લખી મોકલશો.. આપણે દર અઠવાડિયે મળતા રહીશું. મુખવાસ મમળાવતા રહીશું.

અમદાવાદના ગોતામાં ચાર કલાકમાં અઢી ઈંચ વરસાદ

અમદાવાદમાં મોસમનો કુલ ૨૨ ઈંચ વરસાદ

અમદાવાદ, તા. ૨૮

અમદાવાદ શહેરમાં આજે બપોરે વરસાદનું જોરદાર ઝાપટું પડ્યું હતું. ખાસ કરીને બપોરના ૧૨ થી ૪ વાગ્યા દરમિયાન ગોતામાં ૬૭ મીમી અને ચાંદખેડામાં ૩૦.૫૦ મીમી વરસાદ નોંધાતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ ૭.૧૯ મીમી વરસાદ નોંધાયો હતો.

જેમાં પૂર્વ ઝોનમાં ૧.૫ મીમી, પશ્ચિમ ઝોનમાં ૧૨.૮૩ મીમી, નવા પશ્ચિમ ઝોનમાં ૨૦.૩ મીમી, મધ્ય ઝોનમાં ૨.૦૦ મીમી, ઉત્તર ઝોનમાં ૪.૫ મીમી અને દક્ષિણ ઝોનમાં ૨.૦૦ મીમી વરસાદનો સમાવેશ થાય છે. મોસમનો કુલ વરસાદ ૫૪૬.૫૩ મીમી એટલે કે ૨૨ ઈંચ નોંધાયો છે. શહેરમાં સવારથી જ વાદળ છાયું વાતાવરણ જોવા મળ્યું હતું અને અવારનવાર વરસાદના હળવા ઝાપટા પડ્યા હતા. વરસાદને કારણે શહેરમાં વધુ ત્રણ ભુવા પડ્યા છે જેમાં વાસણા બસ સ્ટેન્ડ પાસે શ્રેયસ હોસ્પિટલ નજીક, હેલ્મેટ સર્કસ પાસે સીએનજી પંપ નજીક અને ભગવત વિદ્યાપીઠથી ચાણક્યપુરી જતા રસ્તા પર ભુવો પડ્યો છે.

હવામાન વિભાગની આગાહી છે કે, આવતીકાલે અમદાવાદમાં કેટલાક વિસ્તારોમાં વરસાદના ઝાપટા પડી શકે છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૦.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૬.૨ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮:૩૦ વાગે ૯૦ ટકા અને સાંજે ૫:૩૦ વાગે ૯૭ ટકા નોંધાયું હતું. અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. વરસાદી માહોલના પરિણામ સ્વરૂપે વાતાવરણમાં તીવ્ર ઠંડક પ્રવર્તી રહી છે. વરસાદી માહોલ હજુ યથાવત રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે જેથી શહેરના લોકો સાવધાન પણ બની ગયા છે અને વરસાદથી બચવા માટે જુદા-જુદા વિકલ્પનો ઉપયોગ કરી રહ્યા છે. વરસાદના કારણે પાણી ભરાઈ જવાથી હવે રોગચાળાનો ખતરો પણ ઉભો થઈ ગયો છે.